http://suratiundhiyu.wordpress.com/

VIPUL M DESAI – desaivm50@yahoo.com

# અન્ન સ્વાદ અને ભુખ

આ વાત છે બર્લીનમાં યોજાયેલા ૫૬મા ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલની. અન્ન,સ્વાદ અને ભુખ ઉપર ટુંકી ફિલ્મ બનાવનારાઓની હરીફાઈ. ૩૬૦૦ જેટલી ભાગ લેનાર ફિલ્મો વચ્ચે ફક્ત ૩૨ ફિલ્મો પસંદ કરવામાં આવી.નીચે આપેલી "અન્ન,સ્વાદ અને ભુખ"ની લીંક ક્લીક કરીને આ લેખ વાંચ્યા પછી આ ફિલ્મ જોવાનું ભૂલતા નહિ. આ ફિલ્મ ઉપરોક્ત ફિલ્મોમાં મોસ્ટ પોપ્યુલર ફિલ્મ તરીકે પ્રથમ ક્રમે આવી હતી. જો ફિલ્મ જોયા પછી તમારી આંખો ભીની થાય તો સમજ જો કે તમારા હ્રદયમાં રામ વસ્યા છે. આટલું સમજીને બેસી ન રહેતા પરંતુ આગળ લેખમાં જે લખ્યું છે તે પ્રમાણે તમે પાલન કરો છો ખરા? બાકી તો ભાવાવેશમાં આંખમાં આંસુઓ તો આવીને ક્યારે ઉડી જાય તેની ખબર નથી પડતી. આ બધું ક્ષણીક હોય છે. આજે ભારતમાં જ નહિ પરંતુ દુનિયાભરમાં ખોરાકનો જે બગાડ થાય છે તે જો અટકાવીએ તો દુનિયામાં રોજ ભૂખમરાને લઈને મરતા ૨૫૦૦૦ લોકોને બચાવી શકાય.તેમને જીવતદાન આપી શકાય. તમારું કોઈ સગું મરી જાય તો તમે કેટલાય દિવસો સુધી આઘાતમાં સરી જાવ છો. તેમાં જો રોગીને કોઈ તબીબની ભૂલ છે એવું કહે તો તેને સજા કરાવવામાં તમે કચાશ નથી છોડતા. હંમેશા જયારે એક આંગળી કોઈ તરફ ચીંધો ત્યારે બીજી ત્રણ આંગળીઓ તમારા તરફ તકાયેલી હોય છે તેનો ખ્યાલ રાખજો. તમે હોટલમાં કે ઘરે જ્યારે જમવા બેસો છો ત્યારે ઘણી વખત ખાવાનું છાંડીને ઉઠો છો(એઠું). એ વખતે તમને ખ્યાલ નથી હોતો કે તમે પણ એક મોટા ગુનેગાર છો. કારણ કે ભૂખમરાને કારણે જે ૨૫૦૦૦ લોકો મરે છે તેને માટે તમે પણ જવાબદાર છો. તમારા જેવા દુનિયાના બધા છાંડવા વાળાનું અન્ન જો ભેગું કરવામાં આવે તો રોજ ભૂખમરાને લઈને રોજ મરતા આ ૨૫૦૦૦ લોકોનો જીવ બચાવી શકાય. આખા વરસમાં તમે છાંડેલા ખોરાકનો જો સરવાળો કરીએ તો એમાંથી તમે ૧૦ કે ૧૫ માણસોના જીવ બચાવી શકો એમ છો. બીજી ભાષામાં કહું તો ભુખમરાને લઈને મરતા ૧૦-૧૫ માણસોના મૃત્યુ માટે તમે જવાબદાર છો. મેં જોયું છે કે જૈન લોકો ખાધા પછી થાળી ધોઈને પી જાય છે. હકીકતમાં એનો મુખ્ય હેતુ તો બીજા જીવોને બચાવવાનો જ છે. ગાંધીજીએ કહ્યું હતું કે "આપણે જીવવા માટે  ખાઈએ છીએ, ખાવા માટે નથી જીવતા". હું તો એમ કહું છું કે  "આપણે તો કોઈનો શ્વાસ છીનવી લેવા, સ્વાદ માટે એઠું છોડીએ છીએ".

http://suratiundhiyu.wordpress.com/

આ ફિલ્મ જોયા પછી મને મણીનગર-અમદાવાદમાં સાંજે ઘરે ઘરે વઘેલું ખાવાનું માંગવાવાળા આવે છે તેમની વાત યાદ આવી. મને એમને જોઈને ઘણીવાર થતું કે આટલું બધું માંગીને લઈ જાય છે તે તો એક ફેમિલીની અઠવાડિયું સુધી ચાલે. તો શું એ લોકો બાકીનું ફેંકી દેતા હશે? એટલે મેં ઊંડા ઉતરીને તપાસ કરી અને મને ખરેખર આશ્ચર્ય એ થયું કે આ ફિલ્મ આ કથા વસ્તુને ધ્યાનમાં લઈને તો નથી બનાવીને? આ ફિલ્મની જેમ જ આબધુ એકઠું કરેલુ ખાવાનું મિલ્લતનગરની ઝુપડપટ્ટીમાં વેચવામાં આવતું હતું. આ ગરીબ લોકો માટે આનાથી સસ્તું ખાવાનું ક્યાં મળે? એની વિરુદ્ધમાં માણેકચોક કે લો ગાર્ડન પાસે લોકો ઘણીવાર ડીશમાં ખોરાક વધારીને ફેંકી દે છે. ખોરાક ફેંકી દેવાનો મતલબ તો એ જ થયો કે તમે દુનિયાભરમાં ભુખેમરતા લોકોને મારવામાં અપરોક્ષ સાથ આપો છો.

મિલ્લતનગર જેવી તો કઈ “એઠી હોટલો” ભારતભરમાં હશે. ભારત કરતા તો અમેરિકામાં જે બગાડ થાય છે તેનો તો અંદાજ કાઢવો મુશ્કેલ છે. અમેરિકામાં તો આ બધું ગાર્બેજટ્રક ખાઈ જાય છે. આ બધું તમે થોડો સહકાર આપો તો સુધારી શકો છો. રોજ ભૂખમરાને લઈને મરતા લોકોને જીવતદાન આપી શકો છો. કંઈ નહિ કરો તો આટલું કરોં અને ભૂખમરાને લઈને મરતા લોકોને જીવતદાન આપવામાં મદદ કરો.

http://suratiundhiyu.wordpress.com/

(૧) જેનો સ્વાદ નથી ખબર એવી વસ્તુ હોટલમાં ઓર્ડર નહિ કરો. પહેલા કોઈની ડીશમાં ચાખીને ઓર્ડર આપો.
(૨) હોટલમાં કે ઘરે થાળીમાં જોઈએ તેના કરતા ઓછી વસ્તુ ઓર્ડર કરો કે પીરસો.
(૩) કોઈને આગ્રહ કરીને પીરસવું નહિ કે કોઈ આગ્રહ કરીને ખવડાવે એવી આશા નહિ રાખો.
(૪) પાર્ટી કે જમણવારમાં થોડી આઈટેમો જ લો અને લાગે કે ભુખ છે તો જ બીજી નવી આઈટેમો લો.
(૫) પાર્ટી કે જમણવારમાં બુફેનો આગ્રહ રાખો. ત્યાં પણ પીરસવા માટે માણસ મુકો કે જે માણસ જોઈને ડીશમાં આપે. નાના છોકરાને ડીશ ભરીને આપવાનો કોઈ મતલબ નથી.
(૬) પાર્ટી કે જમણવારમાં નક્કી કરેલા માણસો કરતા ૨૫ માણસોની રસોઈ વધારે બનાવડાવો અને તે કોઈ અનાથ આશ્રમ કે એવી કોઈ સંસ્થામાં પહોચાડો. આમ તો રોજે રોજ તમે કોઈને જમાડી નથી શકતા તો ઘરના સારા પ્રસંગે કોઈ સારું કામ તો કરો!

(૭) શક્ય હોય તો આવી કોઈ દશ પંદર સેવાભાવી માણસો શોધીને એક મંડળ બનાવો કે જે આવો ખોરાક યોગ્ય સંસ્થામાં પહોચાડવાની વ્યવસ્થા કરે.

દરેક માણસમાં ભગવાનનો વાસ છે, શું તમે ભગવાનને ભુખમરામાં મારવાનું પસંદ કરશો?

**ઉપર દર્શાવેલી ટૂંકી ફિલ્મ જોવા માટે નીચેની લીંક ક્લીક કરો**

**અન્ન-સ્વાદ અને ભુખ**

**VIPUL M DESAI – desaivm50@yahoo.com**

**http://suratiundhiyu.wordpress.com/**

http://suratiundhiyu.wordpress.com/